સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

આપી શકે બોધ 'ગુરુ' ખૂદ ગોળ મૂક્યા પછી -
છે મગરનાં આંસુ, ખોટા ફરજ ચૂક્યા પછી -
છૂટ્યા પછી, અલમસ્ત ઘોડા, દે તબેલે તાળાં -
પછી પસ્તાયે શું ?! નિયમોનો ધર્મ તૂટ્યા પછી -
(નિયમો - કાયદાનો ભંગ કર્યા પછીનું ડહાપણ)

હાઈકુ

રાજા જેવી જ,
થાય બિંદાસ પ્રજા -
ફેલાય ચેપ!

થાય છે કેમ ?!
'પથારી'માં વધારા?!
'મટે' છે છતાં?
(૧૦૦% રિકવરી પછી પણ)

ચિંતન

સજ્જના એવ સાધુનાં પ્રથયન્તિ ગુણોત્કરમ્ ।
પુષ્પાણાં સૌરભં પ્રામ્યસ્તન્વતે દિશુ ભારુતાઃ ॥

ઉપરોક્ત શ્લોક 'જ્ઞાનસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.

સત્પુરુષો જ સત્પુરુષોના ગુણ સમુદાયને પ્રસિદ્ધ કરે છે.

પુષ્પોની સુવાસ ઘણું ખરું પવન જ ચારે દિશામાં ફેલાવે છે.

સદ્ગુણોની ઓળખ અને કદર જે સત્પુરુષ હોય તે જ કરી શકે. સદ્પુરુષનો સ્વભાવ - આચાર - વિચાર - વર્તન માત્ર સજ્જન પામી શકે છે. એ જ તેના પ્રસાર-પ્રચાર કરી શકે.

બીજા લોકો પોતે તો સારું વર્તન કરતા નથી પણ બીજાંઓ પ્રત્યે મોટી અપેક્ષા રાખે છે.

સુવિચાર

- બુલંદિયાં ખુદ હી તુઝે તલાશ કર લેગી, મૌકા ના છોડ મુશ્કિલોં મેં મુસ્કુરાને કા - **આનંદ સરિતા**
- દીધો નહિ જો કોઈને, સંકટમાં કાંઈ સાથ...
  જરૂર એનો જાણજો, હતભાગી છે હાથ... - **આચાર્ય વિજયરાજરત્નસૂરિ**
- અમરત્વ કરતાં પણ વધુ મહત્ત્વનું છે, 'અભયત્વ' જેની પ્રાપ્તિ સત્યની ઉપાસનાથી શક્ય છે - **અમૃતબિંદુ**
- ધર્મની ક્રિયા શ્રદ્ધા છે, સાત્ત્વિક શ્રદ્ધાને 'રામાયણે' આદર આપ્યો છે - **મોરારિ બાપુ**
- સંઘર્ષના સમયમાં કોઈ નજીક નથી આવતું,
  અને સફળતા પછી કોઈને આમંત્રણ નથી આપવું પડતું - **એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધમાં ચંદનનો સંકલ્પ હોવો જોઈએ, જે હજાર તૂકડા થઈ જાય તો પણ
  તેની સુગંધ ક્યારેય નથી ગુમાવતું - **સાધના**
- આજનું ઔષધ : મૂળાના ટૂકડાને ખિલ ઉપર હળવા હાથે માલિશ કરવાથી ખિલ મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક વ્યક્તિ કરિયાણાની દુકાને જઈ પાંચ રૂપિયાનો સિક્કો આપી અજમો માંગે છે. વેપારી પાંચ રૂપિયાનો અજમો એક પડીકામાં બાંધી આપે છે. એ વ્યક્તિ ઘરે જઈને જ્યારે પૅકેટ ખૉલે છે. તો એમાંથી અજમાની સાથે પાંચ રૂપિયાનો સિક્કો પણ નીકળે છે. બન્યું હતું એવું કે અજમો બાંધતી વખતે વેપારીથી ભૂળમાં પાંચ રૂપિયાનો સિક્કો પણ અજમાના પડીકામાં જ મૂકાઈ ગયો હતો. પડીકું ખોલતાં વ્યક્તિને વિચાર આવ્યો કે દુકાનદારે મને અજમો થોડો ઓછો આપ્યો. પાંચ રૂપિયા જેટલી જગ્યા આ પૅકેટમાં રોકાઈ, એટલી જગ્યામાં વેપારી વધારે અજમો આપી શકત પણ તેને ન આપ્યો. એ વ્યક્તિએ એવો વિચાર ન આવ્યો કે એણે પાંચ રૂપિયા આપ્યા હતા તે એને પરત પણ મળ્યા અને વળી અજમો પણ મળ્યો. બમણો લાભ થયો તેમ છતાં એને વિચાર આવે છે કે સિક્કાની જગ્યા રોકાઈ એટલો અજમો વધારે મળી શક્યો હોત. સંતો, ભગવંતો કહે છે કે જીવની તકલીફ એ છે કે તૃષ્ણાના કારણે જે પરિસ્થિતિમાં તે છે તેમાં પોતે સુખી રહી શકતો નથી અને હજી વધુ હજી વધુની માગણી કર્યા કરે છે. ખુશનસીબ તે નથી કે જેનું નસીબ સારું છે, પણ ખુશનસીબ તે છે કે જે પોતાના નસીબથી ખુશ છે.

વિષમ પરિસ્થિતિમાં બદલાતા જીવન પરિમાણો

તંત્રીસ્થાનેથી...

સરકારના પ્રયત્નો અને થોડીક પ્રજાકીય જાગૃતિને લીધે સતત વધતા જતા કોરોનાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. રાત્રી કરફ્યુને લીધે શહેરોમાં ખાણીપીણી બજારોની ભીડથી થનાર સંક્રમણ અટક્યું છે. વળી લગ્નગાળો હોવાથી લોકો ભેગા તો થાય છે પણ માસ્ક અંગેની જાગૃતિથી સંક્રમણ ટાળી શકાય છે. વિશેષપણે ગ્રામીણ પ્રજા માસ્ક બાબતે પૂર્ણપણે બેદરકારી દાખવતી જોવા મળતી હતી. કાળક્રમે ગામડાંમાં પણ કોરોનાના કેસ વધવા લાગ્યા અને ટપોટપ મોત થવા લાગતાં તે પછી માસ્ક વપરાતા થયા છે. એમાં તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહીને પણ જશ આપવો જ રહ્યો. પ્રજાને પણ એટલી સમજણ તો પડવા લાગી છે કે બીમારી બહુ ભયંકર છે અને ક્યારે આપણો વારો આવી જાય તે નક્કી નહીં. જિંદગીથી વધારે તો હોઈ જ શું શકે? સરકારે દેશમાં એક સાથે ત્રીસ કરોડ લોકોને રસી આપવાનું આયોજન કરી દીધું છે. ગ્રેટ બ્રિટનમાં રસીની શરૂઆત થઈ ચૂકી છે અને રશિયા તથા ચીનમાં તો એ ઘણી વહેલી - ટ્રાયલ સ્તરેથી જ અપાતી થઈ ગઈ હતી. ભારત વસતિ અને ગીચતા ઉપરાંત આરોગ્ય સુવિધાની દૃષ્ટિએ પછાત હોવાથી અહીં કોરોના કે અન્ય કોઈ પણ જીવાણું-વિષાણુને મોકળું મેદાન મળી રહે તે સ્વાભાવિક છે. આ તથ્ય આખી દુનિયા જાણે છે અને આપણે પણ સ્વીકારીએ છીએ. પરંતુ સરકારે કોરોના મુદ્દે ગંભીર અભિગમ દાખવીને વિશ્વકક્ષાએ એક ઉદાહરણ તો પ્રસ્તુત કર્યું જ છે. જો કે પોઝિટિવ કેસ અને મરણના આંકડા છુપાવાતા હોવાનો આક્ષેપ પણ તંત્ર પર થતો જ રહ્યો છે. સરકાર વારંવાર ચેતવતી રહે છે અને 'કોરોના ગાઈડલાઈન'નું ચુસ્તપણે પાલન કરવા આગ્રહ કરે છે. આપણે બેદરકારી રાખીશું તો એ આપણને જ ભારે પડવાની છે. આવા વિષમ સમયગાળામાં પણ નેતાઓને બેઠકો યોજવી પડે છે, વિપક્ષોના કારણે ખેડૂતોને ધરણાં કરવા પડે છે! 'ભારતબંધ' જેવા કોલ આપવામાં આવે છે અને એનો અમલ કરાવવા રાજકીય પક્ષો રસ્તા પર ઊતરી આવે છે. મનુષ્ય નામનું પ્રાણી ક્યારેય કુદરત સામે હાથ જોડીને બેસી રહેવાનું માનતું નથી. એને પ્રવૃત્તિ ગમે છે, પછી તે ભલેને ભાંગફોડ જેવી નકારાત્મક પ્રવૃત્તિ હોય. ઘણા વખતથી ભૂલાઈ ગયેલા આંદોલન વીર અણ્ણા હજારે પણ ખેડૂત આંદોલનમાં સમર્થનમાં એમના ગામડે એક દિવસના પ્રતીક ઉપવાસ પર બેસી ગયા તે જ સૂચક નથી? કોરોનાકાળમાં લોકોને બિનજરૂરી ભીડ નહીં કરવાની સલાહ આપવાને બદલે સિદ્ધિ રાલેગણના આ ગાંધીવાદી વૃદ્ધ નેતાએ કહ્યું કે આંદોલન માટે આ જ સાચો સમય છે! અમરેલીમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ સ્કૂટર અને સાઈકલ પર નગરયાત્રા કરીને લોકોને સારું એવું મનોરંજન પૂરું પાડ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી નર્મદવાક્યને અનુસરે છે - તેઓ ડગલું ભરી દીધા પછી પાછા હટવામાં માનતા નથી. એટલે ભલે ખેડૂતોનાં ધરણાં ખાસા વરસ લગી ચાલતાં રહે પણ ખેતસુધારા બિલ પાછાં ખેંચાય એ વાતમાં માલ નથી. બીજી તરફ આંદોલનકારી ખેડૂતો પણ મક્કમ છે અને સવિશેષ પંજાબના ખેડૂતોને તો દુનિયાભરમાં ફેલાયેલા પંજાબીઓનું અને એમની શેહ અડતી હોઈ કેનેડા, યુકે અને અમેરિકા જેવી સરકારોમાં બેઠેલા જનપ્રતિનિધિઓનું સમર્થન સાંપડી રહ્યું છે. ઉત્તરપ્રદેશના ખેડૂત નેતા રાકેશ ટિકૈત સરકારની વાત સાથે સહમત થશે તો પંજાહ-હરિયાણા વાળા એમનો બહિષ્કાર કરી દેશે. કોરોનાગ્રસ્ત દિલ્હી ચારે તરફ ખેડૂતોથી ઘેરાઈ ગયું છે. જો જીવન જરૂરિયાતની દૂધ અને શાકભાજી જેવી ચીજવસ્તુઓ દિલ્હીમાં આવતી અટકશે તો રાજધાની મુશ્કેલીમાં મુકાઈ જશે. એક તરફ આવી મુસીબત આવી પડી છે અને બીજી તરફ ચીન-પાકિસ્તાન સંયુક્ત સૈનિક કવાયત કરી રહ્યાં છે, તે પણ ગુજરાત સરહદે ! ઘણી વિષય પરિસ્થિતિ સરજાઈ શકે એમ નથી લાગતું ?

ભારતમાં શું રસી મળી ગઈ!

મનના ઉમંગો

રણછોડ પરમાર

રીડ પડી, કોરોના આવ્યો.
ચીસ પડી, કોરોના આવ્યો.
ત્રાડ પડી, કોરોના આવ્યો.
બૂમ પડી, કોરોના આવ્યો.
હાક પડી, કોરોના આવ્યો.
ધાક પડી, કોરોના આવ્યો.
ક્યાંથી આવ્યો ?
ચીનમાં જન્મીને આવ્યો,
હેમાળો ઓળંગી આવ્યો,
વિમાનમાં ઊડીને આવ્યો.
જહાજમાં બેસીને આવ્યો.
પરદેશી પાકીટમાં આવ્યો.
દરદીના જાકીટમાં આવ્યો.
નારીના લોકિટમાં આવ્યો.
નેતાના પ્રોફીટમાં આવ્યો.
ક્યાં ક્યાં આવ્યો ?
શહેરોના સમદરમાં આવ્યો.
ગામ તણા પાદરમાં આવ્યો.
મોટા મૉલ ઉદરમાં આવ્યો
ડોક્ટરની કાતરમાં આવ્યો.
નર્સોની ખાતરમાં આવ્યો
દરદીની ચાદરમાં આવ્યો.
ગરીબની ઝૂંપડમાં આવ્યો
ધનિકની ચોફડમાં આવ્યો.
મજૂરની ચાલીમાં આવ્યો.
માલિકની પ્યાલીમાં આવ્યો
છીંક અને ઉધરસમાં આવ્યો.
ખોં ખોં ના ખચરસમાં આવ્યો.
ઓરો આવ્યો, આઘો આવ્યો.
જડબા ફાડી ડાઘો આવ્યો.
ઘરમાં રહેજો.
નેતા કહે છે, ઘરમાં રહેજો.
દાકતર કહે છે, ઘરમાં રહેજો.
પોલીસ કહે છે, ઘરમાં રહેજો.
કોરટ કહે છે, ઘરમાં રહેજો.
મોટાં કહે છે, ઘરમાં રહેજો.
નાનાં કહે છે, ઘરમાં રહેજો.
ટીચર કહે છે, ઘરમાં રહેજો.
એક્ટર કહે છે, ઘરમાં રહેજો.
આઘા રહેજો
દુકાન જાવ તો આઘા રહેજો.
ઓફિસ જાવ તો આઘા રહેજો.
બજાર જાવ તો આઘા રહેજો.
હોસ્પિટલ જાવ તો આઘા રહેજો.
ગમે ત્યાં જાવ ત્યાં આઘા રહેજો.
માણસજાતથી તો આઘા રહેજો.
માસ્ક બાંધ્યું ?
બહાર જાવ છો, માસ્ક બાંધ્યું ?
બજાર જાવ છો, માસ્ક બાંધ્યું ?
મોલમાં જાવ છો, માસ્ક બાંધ્યું ?
ચાલમાં જાવ છો, માસ્ક બાંધ્યું ?
જાનમાં જાવ છો, માસ્ક બાંધ્યું ?
મૈયતમાં જાવ છો, માસ્ક બાંધ્યું ?
સમશાન જાવ છો, માસ્ક બાંધ્યું ?
બસમાં જાવ છો, માસ્ક બાંધ્યું ?
રિક્ષામાં જાવ છો, માસ્ક બાંધ્યું ?
ટ્રેનમાં જાવ છો, માસ્ક બાંધ્યું ?
પ્લેનમાં જાવ છો, માસ્ક બાંધ્યું ?
રસી મળી ગઈ !
ત્યાં અચાનક રસી મળી ગઈ !
કોરોનાની ખસી મળી ગઈ !
ચહેરા ઉપર હંસી મળી ગઈ !
હોઠોને પણ ખુશી મળી ગઈ !
પરસોતમને પશી મળી ગઈ !
જસુભઈને જશી મળી ગઈ !
પરદેશમાં તો રસી મળી ગઈ !
ભારતમાં પણ રસી મળી ગઈ ?
ભારતમાં રસી મળે પછી કહીશું
અય કોરોના ! ઊભો રહેજે !
પેટ ચોરોના, ઊભો રહેજે !
તરસ્યા કૂત્તા, ઊભો રહેજે !
મોતના દૂત્તા, ઊભો રહેજે !
જમના સૂતા, ઊભો રહેજે !
ભયના ભૂત્તા, ઊભો રહેજે !
કાળા બૂત્તા, ઊભો રહેજે !
કાળમુખા તું ઊભો રહેજે !
પેટભૂખા તું ઊભો રહેજે !

ચારણ કન્યાએ જેમ સિંહને ભગાડ્યો હતો એમ નવી શોધાયેલી વેક્સિન આ કોરોનાને ભગાડશે. એ સમયે આપણે મેઘાણીએ જેમ લખ્યું હતું કે "સિંહણ તારો ભડવીર ભાગ્યો !" એવું "ભાગ્યો ભાઈ કોરોના ભાગ્યો !" જરુર લખીશું. એ વગર આ કથાગીત અધૂરું છે.

કલ્પના કરો કે તમારી પોતાની સ્મશાનયાત્રામાં તમે હાજર છો!

અબીલ-ગુલાલ

મમતા રાવલ

અહીં આ કોલમમાં હંમેશા વર્તમાન પરિસ્થિતિ સાંપ્રત બાબતો નો સંદર્ભ લઈને લખવાનું પસંદ કર્યું છે. સ્વાનુભવ અને વાંચનની મદદથી વિચારોનું મંચન કરી આપ સહુ વાંચકમિત્રો સાથે એક પક્ષીય સંવાદ કર્યો છે. ક્યારે આપના તરફ થી પત્રના રૂપે, ક્યારેક મેસેજ કે ફોનના સ્વરૂપે મળતા પ્રતિભાવ ના પ્રોત્સાહન થકી આ વહેણનો પ્રવાહ એકધારો જળવાઈ શક્યો છે.

હાલના સંજોગોમાં પરિસ્થિતિ એવી છે જેમાં ડર-ભય-ચિંતા હાવી છે. દરેક વ્યક્તિ સતત એક ડર સાથે જીવી રહ્યો. આસપાસની દુનિયામાં પણ ખેડૂત આંદોલન, કોરોના વેક્સિન, પેટ્રોલ-ડિઝલનો ભાવ વધારો જેવી મોટી ઉથલપાથલ ચાલી રહી છે. વ્યક્તિના મનની અંદરનું અને આસપાસનું વાતાવરણ એને માટે 'જાયે તો જાયે કહાં હ્ર ની સ્થિતિ નિર્માણ કરી રહ્યું છે.

પરંતુ આપણે જાણીએ જ છીએ કે દરેક બાબતનો અંત એના નિર્માણ સાથે જ નક્કી હોય છે. આ સમય પણ ક્યારેક ને ક્યારેક પૂરો થવાનો જ છે. સજાગતા અને સંભાળની સાથે આ પરિસ્થિતિનો સ્વિકાર કરવાથી જીવન સહજ રહી શકે છે.

ઊંચે-નીચે રાસ્તે, મંઝિલ તેરી દૂર
રાહ મેં રાહી રુક ન જાના હો કર કે મજબૂર...

અત્યારે અનેક ઘરોમાં, અનેક લોકો ક્વોરન્ટાઈનનો સમય પસાર કરી રહ્યા છે. વ્યક્તિ ઈચ્છે તો આ એકાંત વાસનો સમય ઉત્તમ સમય બની શકે છે. મિત્રો, સગા સબંધીના ખબર અંતરના ફોનની જવાબદારી ઘરના અન્ય સભ્યોને સોંપીને પોતાની શારીરિક કાળજી અને માનસિક માવજત માટે આ સમય ખૂબ ઉપયોગી નીવડી શકે છે. પરિસ્થિતિ સારી કે વિકટ ગમે તે હોય પરંતુ શરીર અને મનને યોગ્ય-ગુણવત્તાસભર ખોરાક મળી રહે એ જોવું જરૂરી છે. ચટપટા ખોરાક કરતાં, મન-શરીરને સાત્વિક પોષણ આપનાર પ્રવૃત્તિ તરફ ધ્યાન લઈ જવું જરૂરી છે.

અબીલ-ગુલાલમાં હંમેશા પ્રેરક-દિશા સૂચક વાતો સમાવવાનો પ્રયત્ન કર્યો છે. ઉત્સાહ પ્રેરક, મનોબળ વધારનાર વાંચન સામગ્રી પીરસી આડકતરી મદદ પહોંચાડવાનો પ્રયત્ન રહ્યો છે. સતત આંતરનિરીક્ષણ (હંજીર્ષૈહ) તરફ દોરવાનો પ્રયત્ન કર્યો છે.

'Don't sweat the small stuff' પુસ્તકમાં એક સરસ ટોપીક મૂકવામાં આવ્યો છે.

'કલ્પના કરો કે તમારી પોતાની સ્મશાનયાત્રામાં તમે હાજર છો..! '

કલ્પના ખૂબ અણગમતી અને ડરાવની છે. પરંતુ જીવનમાં સૌથી મહત્વનું શું છે એની યાદ અપાવવા માટે આ કલ્પના ખરેખર અસરકારક છે.

આ કલ્પના જીવનને પાછું વાળીને જોવાની તક આપે છે. આમ કરવાથી ખ્યાલ આવે છે કે આપણે કેટલું યોગ્ય અને કેટલું અયોગ્ય જીવતા આવ્યા છીએ. માણસ જ્યારે મરણ પથારી એ હોય ત્યારે એનું મન શાંત હોય એ ઈચ્છનીય છે. પરંતુ એવું થઈ શક્તું નથી. અમુક અપવાદ ને બાદ કરતાં મોટા ભાગના વ્યક્તિઓને પોતાની કલ્પના મુજબ જીવન ન જીવી શકવાનો અફસોસ એ પળે સતાવે છે. એને ખ્યાલ આવે છે કે જેનું સહેજપણ મહત્વ ન હોતું એવી બાબતો પાછળ એણે પોતાનો કિંમતી સમય વેડફી દીધો છે. જેમના પ્રત્યે વધારે પ્રેમ હતો એમની સાથે વધારે સમય ગાળ્યો હોત. પોતાને ગમતા વધારે કામ કર્યા હોત તો જીવન વધુ બહેતર બની શક્યું હોત.

> ●● આ કલ્પના જીવનને પાછું વાળીને જોવાની તક આપે છે. આમ કરવાથી ખ્યાલ આવે છે કે આપણે કેટલું યોગ્ય અને કેટલું અયોગ્ય જીવતા આવ્યા છીએ. માણસ જ્યારે મરણ પથારી એ હોય ત્યારે એનું મન શાંત હોય એ ઈચ્છનીય છે. પરંતુ એવું થઈ શક્તું નથી. અમુક અપવાદ ને બાદ કરતાં મોટા ભાગના વ્યક્તિઓને પોતાની કલ્પના મુજબ જીવન ન જીવી શકવાનો અફસોસ એ પળે સતાવે છે. એને ખ્યાલ આવે છે કે જેનું સહેજપણ મહત્વ ન હોતું એવી બાબતો પાછળ એણે પોતાનો કિંમતી સમય વેડફી દીધો છે. જેમના પ્રત્યે વધારે પ્રેમ હતો એમની સાથે વધારે સમય ગાળ્યો હોત. પોતાને ગમતા વધારે કામ કર્યા હોત તો જીવન વધુ બહેતર બની શક્યું હોત. ●●

ક્વોરન્ટાઈન સમયનો ઉપયોગ આ પ્રકારના આંતરનિરીક્ષણ માટે અત્યંત ઉપયોગી છે. પોતાની સ્મશાન યાત્રામાં હાજર હોવાની સાદી કલ્પના, વીતેલી જીંદગીના વિશ્લેષણ તરફ દોરી જાય છે. આમ કરવાથી આપણે જેવા વ્યક્તિ બનવા ઈચ્છતા હતા અને જેની આપણને અગત્યતા હતી એ યાદ આવે છે. કદાચ આપણે અજાણપણે કે જાણીને કોઈ અયોગ્ય કે અણગમતા રસ્તે આગળ વધી રહ્યા હોઈએ તો આ કલ્પના એલાર્મ તરીકે કામ કરે છે અને આપણે એ દિશામાંથી આગળ વધતા અટકી શકીએ છીએ. પોતાના જીવનમાં જરૂરી ફેરફાર વિચારવાનો અવકાશ મળી રહે છે.

પોતાની સ્મશાનયાત્રાની કલ્પના દ્વારા આપણે વિચારી શકીએ છીએ કે મારા મૃત્યુ સમયે મારા સગા-સંબંધી-મિત્રોના મારા વિશેના વિચાર અને ઉદગાર શું હોઈ શકે !! અત્યારે જીવનમાં બનતી ઘટનાઓ અને સંબંધોની જે સ્થિતિ છે એ જોતાં આપણને એવું લાગે છે ખરું કે આપણું હાલ મૃત્યુ થાય તો આપણે ઈચ્છીએ તેવું, ગમે એવું લોકો આપણા વિશે બોલે અને વિચારે...

મૃત્યુની કલ્પના માત્રથી જીવન વધુ સ્પષ્ટ અને સુદ્રઢ થતું હોય તો આ ચોક્કસ કરવા જેવી કલ્પના છે. આંતરનિરીક્ષણ થી સાચા અર્થમાં જીવનમાં મોટા ફેરફારની શક્યતા રહેલી છે.

જો અદૃશ્ય વાયરસમાં તમને મારવાની તાકાત છે, તો ભરોસો રાખો અદૃશ્ય ભગવાનમાં તમને બચાવવાની પણ તાકાત છે...

લાગણીનો મેળો

રસિક વાળંદ

ઉદાસી ય લે છે હવે મારી દીક્ષા,
હે એકલતા, તું પણ લઈ લે મારી પરીક્ષા!

- અનિલ ચાવડા

●●●

દિવાળી આવીને ગઈ...

કાળમુખા કોરોનાને કારણે દીપોત્સવ સાવ નિરસ...મૂડ વગરનો રહ્યો...! કોવિડની અજ્ઞાત મહામારીએ કેટલાંયના સ્વજનો છીનવી લીધાં.... કેટલાયે કુટુંબો છિન્નભિન્ન થયાં.... નોકરી... ધંધા... રોજગાર તૂટ્યા. કેટલાયે લોકો માનસિક સમસ્યાઓના ભોગ બન્યા.

આ વસમા વાયરસે જીવતરનો આનંદ છીનવી લીધો... માણસ જ કોરન્ટાઈન.... એકબીજાથી સાવ છેટા.... દૂર હડસેલાઈ ગયા...! ગમે તેટલો સંબંધ હોય કે લાગણી હોય 'દિલાસો' આપવાનાય ઉધારા થઈ ગયા... બધુંયે છેટા રહીને.... 'ટેલિફોનિક' ... આવી તો કલ્પનાયે નહોતી.

ખેર, આ દિવસોય પસાર થઈ જશે.... સુખ-દુઃખ તો જીવતરનાં જોડલાં છે. દુઃખમાં સહભાગી થવું એ માનવધર્મ છે - પણ આ બોધપાઠ ય આપણી પરીક્ષા લઈ નાખી... જગતને બાથમાં લેનારા સાવ વામણા પુરવાર થયા. આખરે તો કવિ કહે છે એમ;

'ગુજારે જે શીરે તારે, જગતનો નાથ તે સહેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.'

આવેલા સંજોગોને સ્વીકારવા રહ્યા... થોડી સાવધાની સાથે... કોઈ ગમે તે કહે પણ ઉન્માદી માનવજાતને આ એક લપડાક છે... હજીયે માનવજાત સીધે રસ્તે ચાલે તો?!!

વિષૈલા વાયરસે પાવન પર્વોને અભડાવ્યા... જીવનની 'દિવાળી' ભલે સ્થૂળ રીતે ફિક્કી ને નિરુત્સાહી રહી.... પણ... જતાં જતાં ઘણું બધું સાનમાં સમજાવી ગઈ... પાવન પર્વનો મર્મ જીવનમાં ઘૂંટવો રહ્યો...

દોસ્તો, નિરભ્ર કાળી ડિબાંગ અંધારી અમાસને નાનકડાં કોડિયાં પેટાવી ઝગમગતી કરવી - આ બોધ જ કેટલો યથાર્થ ને ગહન છે. આપણી આસપાસ આતંક,આફતો, દુઃખ, નિરાશા, છળ-કપટ, વાસના, મોહ-માયા, મદ, મસ્તર, લોભ, લાલચા, વહેમ, અંધશ્રદ્ધા, પાપ.... જેવા આસુરી અંધકારમાં જીવનને ઝળહળતું સુખમયને ઓજસ્વી કરવા પ્રેમ અને માનવતાના દીવડા પ્રગટાવવાના નાના નાના અવસરો હાથવગા કરીએ તોય ઘણું... એ જ આપણી દિવાળી.

અવનવા રંગોની મનોહર રંગોળી પૂરીએ... પછી એ માટીના રંગો હોય કો ઓઈલ કલર કે પછી સ્ટીકર હોય પણ... જીવન રંગીન બને તો ખરું... વર્ષભર આનંદ - ઉલ્લાસથી ભર્યા ભર્યા રહેવાનો શુભ સંકલ્પ અનવરત રહે એની સભાનતા રાખીએ... મીઠાઈની મીઠાશ ને ફટાકડાનો કલશોર જિંદગીને જયાફત બનાવી દે. આવું હંમેશ રહે તો કેવું !!!

દિવાળી તો જિંદગીની રફતારમાં દોડતાં - દોડતાં હાંફીને જવાય એટલે ઘડીક નો વિસામો છે. વિસામો લઈ થોડો પ્રાણવાયુ તન-મનમાં ભરી લઈએ... દીપોત્સવ તો ડાયવર્ઝન છે... જીવનનો ઉત્સવ... સંબંધોને ઉજળા કરવાનું - ઝળહળતા કરવાનું ટાણું... પરિવારના ગમા - અણગમા, રસ-રુચિ જાણી - સમજી મનમેળ સાધવાની રૂડી ઘડી... ઘરેડબદ્ધ ઘસડાતી જિંદગીમાં જરીક હાશકારો પામવાની પળ... આજકાલ આપણા સંબંધોમાં ઉષ્મા ઓછી થઈ છે.... દિવાળી સંબંધોને હૂંફાળા કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે... મોસમની મોજ એની વિવિધતામાં છે એમ જીવન પણ દ્વંદ્વોથી ભર્યું છે... સુખ-દુઃખ, આશા-નિરાશા, સગવડ-અગવડ, સફળતા-વિફળતા... આ આવન-જાવન તો રહેવાની.... પર્વોની સુખદક્ષણો જીવતરનું વિટામીન છે. પર્વો આપણી પરંપરાને સંસ્કૃતિની ઓળખ છે. આપણને મળેલા ઉમદા વારસાને પેઢી દર પેઢી હસ્તાંતરિત કરવાની ફરજ ન ચૂકી જવાય... એના મર્મને સ્ફૂર કરીએ તો જ ગરિમા સચવાશે...

વર્ષભર પ્રેમ, સૌહાર્દ અને માનવતાના દીવડા પેટાવતા રહીએ... પ્રભુને પ્રાર્થીએ કે અમારા જીવતરનો અંધાકર દૂર કરો.... શક્તિ - સામર્થ્ય આપો... અમારી બુદ્ધિને સ્થિર રાખો.... સર્વનું મંગલ થાય... આ મહામારીમાંથી માનવજાતને ઉગારો.... પુનઃઉલ્લાસિત કરો!!

સર્વત્ર દિવ્યતા વ્યાપો !!!

સ્પર્શમણિ :

જો અદૃશ્ય વાયરસમાં તમને મારવાની તાકાત છે, તો ભરોસો રાખો અદૃશ્ય ભગવાનમાં તમને બચાવવાની પણ તાકાત છે...

●●●

જિંદગીમાં ભલે હજારો મતલબી લોકો ભટકાય પણ એક સાચી લાગણીવાળી વ્યક્તિ મળે એટલે.. હિસાબ સરભર થઈ જાય...

●●●

જયાં નથી છલ ત્યાં જિંદગી છલોછલ...

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949